eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

Issue 71
29 Sept., 2006

## તા. ૨૨–૯–૦૬ના રોજ ભારત સરકારના શહેરી વિકાસ ખાતાના મંત્રી શ્રી જયપાલ રેડ્ડી સુરત મહાનગરપાલિકાના નર્મદ મધ્યસ્થ પુસ્તકાલયની મુલાકાતે



સુરત શહેરમાં ઓગષ્ટ ૨૦૦૬માં આવેલ વિનાશક પૂરથી થયેલ નુકશાન અંગે નિરીક્ષણ માટે ભારત સરકારના શહેરી વિકાસ ખાતાના મંત્રી શ્રી જયપાલ રેડ્ડી આજ રોજ તા. ૨૨–૦૯–૨૦૦૬નાં રોજ સુરત મહાનગરપાલિકાના નર્મદ મધ્યસ્થ પુસ્તકાલયની મુલાકાતે આવ્યા હતા. જે પ્રસંગે ડે. મેયર ડો.સુષ્માબેન અગ્રવાલ, કમિશનરશ્રી પંકજ જોષીએ સુતરની આંટીથી તેમનું સ્વાગત કર્યુ. પુસ્તકાલય ખાતે પૂરપ્રલય, બચાવ–રાહત કામગીરી, સુરત મહાનગરપાલિકાની માળખાકીય સુવિધાઓને થયેલ નુકશાન તેમજ સફાઈ, આરોગ્ય વિષયક કામગીરી અંગેના ફોટોગ્રાફસનું નિદર્શન નિહાળ્યું હતું.

વધુ માટે કલીક કરો >>>>>>

## તા. ૨૩–૯–૦૬ના રોજ વૈવિધ્યસભર સાંસ્કૃતિક કાર્યક્રમો સાથે ફૂડ ફેસ્ટીવલને ખુલ્લો મુકાયો

નવરાત્રિના પાવન પર્વ નિમિત્તે સુરત મહાનગરપાલિકા ધ્વારા તા.૨૩–૦૯–૨૦૦૬ થી તા.૦૨–૧૦–૨૦૦૬ દરમિયાન વૈવિધ્યસભર સાંસ્કૃતિક કાર્યક્રમો સાથે ફૂડ ફેસ્ટીવલ ની ઉદઘાટનવિધિ તા.૨૩–૦૯–૨૦૦૬નાં રોજ મા. મેયરશ્રી ડો.કનુભાઈ માવાણીના વરદ હસ્તે સાંજે ૭.૩૦ કલાકે કરવામાં આવી હતી.




વધુ માટે કલીક કરો >>>>>>

## તા. ૨૪–૯–૦૬ના રોજ બિહારના ઉપમુખ્યમંત્રીશ્રી સુશીલકુમાર મોદી સુરતની મુલાકાત



સુરત શહેરે કરેલ વિકાસ અને સોલીડ વેસ્ટ મેનેજમેન્ટના અભ્યાસ અર્થે બિહારના ઉપ મુખ્યમંત્રી શ્રી સુશીલકુમાર મોદી તા. ૨૪–૯–૨૦૦૬ના રોજ સુરતની મુલાકાતે પધાર્યા હતા. સરકીટ હાઉસ ખાતે સુરત મહાનગરપાલિકા ધ્વારા "Innovation in Urban Governance" અને સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ સીસ્ટમ ઉપર મા. મેયર ડો. કનુભાઈ માવાણીની અધ્યક્ષતામાં પ્રેઝન્ટેશન રાખવામાં આવેલ હતું.

વધુ માટે કલીક કરો >>>>>>

## નવરાત્રિના પાવનપર્વ નિમિત્તે સુરત મહાનગરપાલિકાના પદાધિકારીશ્રીઓ અને અધિકારીશ્રી તરફથી કરવામાં આવેલ મહાઆરતી

નવરાત્રિના પાવનપર્વ નિમિત્તે સુરત મહાનગરપાલિકા ધ્વારા તા. ૨૩–૯–૦૬ થી તા. ૨–૧૦–૦૬ દરમ્યાન વૈવિધ્યસભર સાંસ્કૃતિક કાર્યક્રમોના ઉપક્રમે અઠવા પાર્ટી પ્લોટ ખાતે તા. ૨૩–૯–૦૬ના રોજ નવરાત્રિના પ્રથમ દિવસે સુરત મહાનગરપાલિકાના પદાધિકારીશ્રીઓ અને અધિકારીશ્રી તરફથી કરવામાં આવેલ મહાઆરતી.



વધુ માટે કલીક કરો >>>>>>

## પ્રાણી સંગ્રહાલય ખાતે ૨ જી ઓકટોબર થી ૮ મી ઓકટોબર દરમ્યાન "વન્ય પ્રાણી સપ્તાહ"ની થનાર ઉજવણી

સુરત મહાનગરપાલિકા, નેચરપાર્ક/પ્રાણી સંગ્રહાલય ખાતે પ્રકૃતિનાં સંવર્ધન અને સંરક્ષણ માટે પ્રતિવર્ષની જેમ આ વર્ષે પણ જનજાગૃતિ માટે ૨ જી ઓકટોબર થી ૮ મી ઓકટોબર દરમ્યાન " વન્ય પ્રાણી સપ્તાહ " ની ઉજવણી કરનાર છે. આ સપ્તાહ દરમ્યાન ૧૨ વર્ષ કે તેથી નાની ઉંમરના બાળકોને પ્રાણી સંગ્રહાલયમાં વિનામૂલ્યે પ્રવેશ આપવામાં આવે છે. આ સપ્તાહ દરમ્યાન પ્રાણી સંગ્રહાલય ખાતે નીચે મુજબની વિવિધ પ્રવૃત્તિનું આયોજન કરવામાં આવે છે.

વધુ માટે કલીક કરો >>>>>>

## સ્વૈચ્છિક સંસ્થાઓને અનુદાન ચૂકવવા સંબંધે

આથી ખબર આપવામાં આવે છે કે સુરત મહાનગરપાલિકાએ સને ૨૦૦૬–૨૦૦૭ના વર્ષમાં તેના અંદાજપત્રમાં જુદી જુદી સ્વૈચ્છિક અને ધર્માદા સંસ્થાઓ જેવી કે પુસ્તકાલયો, વાંચનાલયો, વ્યાયામશાળાઓ, રમતગમતની સંસ્થાઓ, આયુર્વેદિક તથા હોમિયોપેથિક દવાખાના અને તેવી અન્ય પ્રવૃત્તિઓ ચલાવવા માટે અનુદાન આપવા જોગવાઈ કરી છે અને તે માટેના નીતિ–નિયમોને આધિન આપવાનું નકકી થયેલ છે.

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા ધ્વારા આયોજિત ફૂડ ફેસ્ટીવલમાં યોજાયેલી રાસ–ગરબા સ્પર્ધા



નવરાત્રીના પર્વ નિમિત્તે સુરત મહાનગરપાલિકા ધ્વારા સુરતની સ્વાદપ્રિય જનતાને એક જ સ્થળે વિવિધ વાનગીઓના રસાસ્વાદ કરાવતા ફુડ ફેસ્ટીવલનું આયોજન કૃષ્ણકુંજ પાર્ટી પ્લોટ, ઉમરા પોલીસ સ્ટેશનની બાજુમાં, અઠવાલાઈન્સ, સુરત ખાતે કરવામાં આવ્યું છે. જેમાં પ્રથમ દિવસે શ્રી જૈમીન કનનો ડાન્સનો કાર્યક્રમ, બીજા દિવસે વરૂડી યૂવક મંડળનો ગરબાનો કાર્યક્રમ "રંગ તાળી " રજુ થયો હતો.

વધુ માટે કલીક કરો >>>>>>

## તા. ૨૨–૯–૦૬ના રોજ ભારત સરકારના શહેરી વિકાસ ખાતાના મંત્રી શ્રી જયપાલ રેડ્ડી સુરત મહાનગરપાલિકાના નર્મદ મધ્યસ્થ પુસ્તકાલયની મુલાકાતે

સુરત શહેરમાં ઓગષ્ટ ૨૦૦૬માં આવેલ વિનાશક પૂરથી થયેલ નુકશાન અંગે નિરીક્ષણ માટે ભારત સરકારના શહેરી વિકાસ ખાતાના મંત્રી શ્રી જયપાલ રેડ્ડી આજ રોજ તા. ૨૨–૦૯–૨૦૦૬નાં રોજ સુરત મહાનગરપાલિકાના નર્મદ મધ્યસ્થ પુસ્તકાલયની મુલાકાતે આવ્યા હતા. જે પ્રસંગે ડે. મેયર ડો.સુષ્માબેન અગ્રવાલ, કમિશનરશ્રી પંકજ જોષીએ સુતરની આંટીથી તેમનું સ્વાગત કર્યુ. પુસ્તકાલય ખાતે પૂરપ્રલય, બચાવ–રાહત કામગીરી, સુરત મહાનગરપાલિકાની માળખાકીય સુવિધાઓને થયેલ નુકશાન તેમજ સફાઈ, આરોગ્ય વિષયક કામગીરી અંગેના ફોટોગ્રાફસનું નિદર્શન નિહાળ્યું હતું. ત્યારબાદ તેમને કમિશનરશ્રી પંકજ જોષીએ સુરત શહેરના વિસ્તરણ અંગેની માહિતી આપી શહેરની હદ વધીને ૩૩૪.૦૧૮ કિ. મિ.ની થઈ જે અગાઉની હદ કરતા ત્રણ ગણી વધેલ છે તેમ જણાવ્યું હતું. ત્યાર બાદ શ્રી જયપાલ રેડ્ડીએ સુરતના સપૂત અને કવિશ્રી નર્મદની પ્રતિમા નીહાળી તેમના વિશે માહિતી મેળવી હતી.



મા. શહેરી વિકાસ મંત્રી શ્રી સમક્ષ કમિશનરશ્રી પંકજ જોષીએ સુરત મહાનગરપાલિકા ધ્વારા પૂર, પુનઃસ્થાપન અંગે તૈયાર કરવામાં આવેલ પ્રેઝન્ટેશન રજુ કર્યુ હતું. જેમાં મુખ્યત્વે ૮ ઓગષ્ટ થી ૧૫ ઓગષ્ટ દરમ્યાન સુરત મહાનગરપાલિકાએ વિવિધ સરકારી સંસ્થાઓ, સ્વૈચ્છિક સંગઠનોના સહયોગથી કરેલ બચાવ, રાહત કામગીરી ઉપરાંત સુરત મહાનગરપાલિકાની હાઈડ્રોલિક સીસ્ટમ, ડ્રેનેજ સીસ્ટમ, સ્ટ્રીટ લાઈટ જેવી પ્રાથમિક સુવિધાઓ, વિયર અને પાળાઓ, ગૌરવપથ સહિતના આરસીસી, મેટલ ગ્રાઉટીંગ સહિતના મોટા રોડ, સુમપાની મિલકતો અને સિવિલ વર્કને, ટ્રાફિક નિયમનના સાધનો, ફલાયઓવર બ્રીજ, રેલ્વે ઓવર બ્રીજ મળી કુલ રૂા.૧૪૦૪૩.૮૩ લાખની સુરત મહાનગરપાલિકાની મિલ્કતો અને માળખાગત સુવિધાને નુકસાન થવા પામેલ હતું તેની વિસ્તૃત છણાવટ કરતું પ્રેઝન્ટેશન રજુ કર્યુ હતું. જેને મા. મંત્રીશ્રીએ રસપૂર્વક નિહાળી સુરત મહાનગરપાલિકા ધ્વારા લેવાયેલ પગલાંની નોંધ લઈ પૂર અંગે પૃચ્છા કરવામાં આવેલ. પ્રેઝન્ટેશન બાદ કમિશનરશ્રીએ સર્વેનો આભાર માન્યો હતો.

TOP

# તા. ૨૩–૯–૦૬ના રોજ વૈવિધ્યસભર સાંસ્કૃતિક કાર્યક્રમો સાથે ફૂડ ફેસ્ટીવલને ખુલ્લો મુકાયો

નવરાત્રિના પાવન પર્વ નિમિત્તે સુરત મહાનગરપાલિકા ધ્વારા તા.૨૩–૦૯–૨૦૦૬ થી તા.૦૨–૧૦–૨૦૦૬ દરમિયાન વૈવિધ્યસભર સાંસ્કૃતિક કાર્યક્રમો સાથે ફૂડ ફેસ્ટીવલ ની ઉદઘાટનવિધિ તા.૨૩–૦૯–૨૦૦૬નાં રોજ મા. મેયરશ્રી ડો.કનુભાઈ માવાણીના વરદ હસ્તે સાંજે ૭.૩૦ કલાકે કરવામાં આવી હતી. આ પ્રસંગે ડે. મેયરશ્રી ડૉ. સુષ્માબેન એસ.અગ્રવાલ, મા. અધ્યક્ષશ્રી, સ્થાયી સમિતિ શ્રી રણજીતભાઈ ગીલીટવાલા, મા. નેતા શ્રી શાસક પક્ષ, શ્રી રાજેશભાઈ દેસાઈ,મ્યુ. કમિશનરશ્રી પંકજ જોષી, સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષા શ્રીમતી અસ્મિતાબેન શિરોયા, વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ, અન્ય મ્યુ. સભ્યશ્રીઓ, સુરત મહાનગરપાલિકાના અધિકારી, કર્મચારી ગણ તથા અન્ય આમંત્રિતો મોટી સંખ્યામાં હાજર રહયા હતા. ફુડ ફેસ્ટીવલનાં ઉદઘાટન બાદ મહાઆરતીનો કાર્યક્રમમાં મહાનગરપાલિકાના પદાધિકારીશ્રીઓ, અધિકારીશ્રીઓ, તથા ઉપસ્થિત જનમેદનીએ ભાગ લીધેલ. ત્યાર બાદ સરજનશ્રી સંસ્થા તરફથી ડાન્સનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. આ પ્રસંગે મોટી સંખ્યામાં લોકો ફુડ ફેસ્ટીવલની મજા માણતાં ગીત સંગીત નો આનંદ માણ્યો હતો.




આ ફૂડ ફેસ્ટીવલ તથા સાંસ્કૃતિક કાર્યક્રમ તા.૦૨–૧૦–૨૦૦૬ સુધી ચાલશે. જેમાં રંગતાળી કાર્યક્રમ, હાસ્ય ગોષ્ઠિ, ગરબા– રાસ સ્પર્ધા, દોઢિયા સ્પર્ધા, નૃત્યમ નર્તન અકાદમી (ડાન્સનો કાર્યક્રમ), અંધજન ઓરકેસ્ટ્રા, શેરી ગરબા સ્પર્ધા, કલાસાગર નૃત્ય સંસ્થા–શાસ્ત્રીય નૃત્યના કાર્યક્રમોનું સુરત મહાનગરપાલિકા તરફથી આયોજન કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાને લાભ લેવા અનુરોધ છે.

અઠવા પાર્ટી પ્લોટ ખાતે દોટીવાલા બેકરી, સુમુલ ડેરી, કૈલાશ રેસ્ટોરન્ટ, સુગર એન્ડ સ્પાઈસ, જલારામ ખીચડી, ગણગોર, સાંઈ રેસ્ટોરન્ટ, પાલ્સ ફાસ્ટ ફુડ, આઈસ સ્પાઈસ, વુડલેન્ડર રેસ્ટોરન્ટ, રાજભોગ, સુરત ખમણ, ક્રિષ્ના આઈસ્ક્રીમ, હોટેલ રૂપા, સુરત હોટલ એસો., યુવરાજ હોટેલ, હોટલ હોટસ્પાઈસ, સ્મોકીન જોયસ જેવા ૭૪ ખાણીપીણીનાં સ્ટોલ રાખવામાં આવેલ છે.

TOP

## તા. ૨૪–૯–૦૬ના રોજ બિહારના ઉપમુખ્યમંત્રીશ્રી સુશીલકુમાર મોદી સુરતની મુલાકાતે

સુરત શહેરે કરેલ વિકાસ અને સોલીડ વેસ્ટ મેનેજમેન્ટના અભ્યાસ અર્થે બિહારના ઉપ મુખ્યમંત્રી શ્રી સુશીલકુમાર મોદી તા. ૨૪–૯–૨૦૦૬ના રોજ સુરતની મુલાકાતે પધાર્યા હતા. સરકીટ હાઉસ ખાતે સુરત મહાનગરપાલિકા ધ્વારા " Innovation in Urban Governance " અને સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ સીસ્ટમ ઉપર મા. મેયર ડો. કનુભાઈ માવાણીની અધ્યક્ષતામાં પ્રેઝન્ટેશન રાખવામાં આવેલ હતું.

આ પ્રસંગે મા. ડે. મેયરશ્રી એ પ્રેઝન્ટેશનમાં ઉપસ્થિત મહાનુભાવોનું સ્વાગત કરતા જણાવ્યું હતું કે, સુરત શહેરમાં પૂર પછી ઉભી થયેલ પરિસ્થિતિને ઝડપભેર થાળે પાડી સુરત શહેરની સાફ–સફાઈ એવી રીતે કરેલ છે કે સુરતમાં પૂર આવ્યું હશે? આખું શહેર સ્વચ્છ અને સુંદર બન્યું છે. ફકત શહેરમાં પાણીના લેવલ દર્શાવેલ પટ્ટા અને તારીખો જ દેખાય છે.

સ્વાગત પ્રવચન બાદ મ્યુ. કમિશ્નરશ્રી પંકજ જોષીએ સુરત મહાનગરપાલિકા ધ્વારા શહેરને આપવામાં આવતી વિવિધ માળખાકીય સુવિધાઓ તેમજ સુરત શહેર એ વિશ્વનું અત્યાધુનિક શહેર બનવા તરફ આગળ વધી રહયું છે. તે અંગેની માહિતી દર્શાવતું પ્રેઝન્ટેશન રજુ કર્યુ હતું. જેમાં મુખ્યત્વે શહેરમાં બનાવેલ સિમેન્ટ ક્રોંક્રીટ રોડ, એસીસી રોડ તેમજ શહેરમાં આવેલ ફલાય ઓવર અને રેલ્વે ઓવર બ્રીજની માહિતી, તેમજ આરોગ્ય વિષયક સેવાઓ, ડોર ટુ ડોર ગાર્બેજ કલેકશન, એનર્જી સેવિંગ સ્કીમ હેઠળ સ્ટ્રીટલાઈટનું સંચાલન ઓટોમેટીક ટાઈમર સ્વીચ થી થાય છે તે બાબતની વિસ્તૃત માહિતી રજુ કરી હતી.



આ પ્રેઝન્ટેશન દરમ્યાન બિહારના ઉપ મુખ્યમંત્રીશ્રીએ બજેટ અને આવકના સ્ત્રોત અંગે વિસ્તારથી માહિતી મેળવી હતી. કમિ.શ્રીએ જણાવ્યું હતું કે, ગુજરાતમાં રાજય સરકારે નાણાંકીય સ્વાયતતા આપેલ છે તે અન્વયે વાર્ષિક રૂા. ૧૨૦૦ કરોડનું બજેટ છે. જેમાં જકાત, સીધાવેરા એ આવકના મુખ્ય સ્ત્રોત છે. વેરા વસૂલાતની કામગીરી ઝડપથી થાય તે માટે એપ્રિલ–મે માસમાં રીબેટ આપવામાં આવે છે તેમજ શહેરના ૧૪ નાગરિક સુવિધા કેન્દ્ર મારફત વેરા વસૂલાતની કામગીરી કરવામાં આવે છે.

ઉપરાંત વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ, ટ્રાફિક આઈલેન્ડ તૈયાર કરવાથી માંડી તેના મેઈન્ટેનન્સની કામગીરી પણ ખાનગી એજન્સી પાસે કરાવવામાં આવે છે. ત્યારબાદ સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ અંગેનું પ્રેઝન્ટેશન રજૂ કર્યુ હતું. સુરત શહેરમાં ઉત્પન્ન થતાં ઘન કચરાના અસરકારક પ્રાથમિક એકત્રિકરણ અર્થે દરેક ઝોનમાં આરોગ્ય વિભાગના સ્વતંત્ર માળખા મારફત સફાઈની કામગીરી હાથ ધરવામાં આવે છે. શહેરનાં કુલ સાત ઝોન મળી ૬૨૫ કન્ટેનરોનાં ઘન કચરાનો પ્રાથમિક નિકાલ ૦.૬૦ ઘન મીટરની ક્ષમતા વાળી હાથલારી તેમજ ૫૧ હજાર દૈનિક કામદારો મારફત હાથ ધરવામાં આવે છે. દરેક ઝોનમાં નિયત કરેલ કન્ટેનર સ્પોટ પરથી ઘન કચરાનો નિકાલ અર્થે ડમ્પર પ્લેસરનો ઉપયોગ કરવામાં આવે છે. એકત્રિત થયેલ ઘન કચરાનો નિકાલ ઝોનમાં કાર્યરત ટ્રાન્સફર સ્ટેશન ખાતે કરી ત્યાંથી ખાનગી એજન્સીની કુલ ૪૨ બંધ બોડીની ટ્રક મારફત અંદાજે ૧૦૦૦ મેટ્રીક ટન જેટલા ઘન કચરાનો નિકાલ સરેરાશ ૧૨૦ ટ્રીપ મારફત ખજોદ ડિસ્પોઝલ સાઈટ ખાતે નિકાલ કરવામાં આવે છે. ડોર ટુ ડોર ગાર્બેજ કલેકશન સીસ્ટમ હેઠળ ઘરમાં એકત્ર કરેલ કચરા પેટીમાંથી નિયમિત રીતે ભીનો અને સુકો કચરો વિઘટિત કરી અલગ–અલગ કચરા પેટીમાં એકત્રિકરણની કામગીરી કરવામાં આવે છે. આ કચરો સીધેસીધો ટ્રાન્સફર સ્ટેશન ખાતે લઈ જઈ નિકાલ કરવામાં આવે છે.

શહેરના મુખ્ય માર્ગો પર દિવસ દરમ્યાન વ્યસ્ત માર્ગો પર સફાઈનું ધોરણ જળવાઈ રહે તે હેતુસર રાત્રિ દરમ્યાન સાત ઝોનના કુલ ૧૨૦ રસ્તાની દૈનિક ધોરણે અને ૫૨(બાવન) રસ્તાની આત્રે દિવસે કોન્ટ્રાકટ પધ્ધતિથી સ્કેપીંગ/બ્રશીંગની કામગીરી મારફત સફાઈની કામગીરી કરાવવામાં આવે છે. હાલમાં અમલમાં છે તે પધ્ધતિનો અમલ કરવાથી સમગ્ર શહેરીજનોના જાહેર આરોગ્ય તથા સુખાકારીમાં વધારો થવા ઉપરાંત સુરત શહેરને જાહેર આરોગ્ય ક્ષેત્રે મળેલ સિધ્ધિઓને કાયમી ધોરણે ટકાવી રાખવા મહદઅંશે ઉપયોગી થઈ પડશે. કમિશ્નરશ્રીએ રજૂ કરેલ પ્રેઝન્ટેશનથી પ્રભાવિત થઈ બિહારના ઉપ મુખ્યમંત્રીશ્રીએ મનપાની વિવિધ કામગીરી બાબતે વિસ્તૃત ચર્ચા પણ કરી હતી.

આ પ્રેઝન્ટેશન પ્રસંગે નાયબ મુખ્યમંત્રીશ્રી સાથે બિહાર વિધાન સભાના ધારાસભ્યશ્રી રામેશ્વરપ્રસાદ ચૌરસીયા તેમજ સુરતના સાંસદશ્રી કાશીરામભાઈ રાણા, મા. મેયર ડો. કનુભાઈ માવાણી, સ્થાયી સમિતિના અધ્યક્ષશ્રી રણજીતભાઈ ગીલીટવાલા, શાસકપક્ષના નેતાશ્રી રાજેશભાઈ દેસાઈ, મનપાના અધિકારીશ્રીઓ સરકીટ હાઉસ ખાતે ઉપસ્થિત હતા. પ્રેઝન્ટેશન બાદ નાયબ મુખ્યમંત્રીશ્રી એપેરલ પાર્ક, ડાયમંડ ઈન્સ્ટીટયુટ, સુરત ઈકોનોમિક ઝોનની મુલાકાતે રવાના થયા હતા.

TOP

## નવરાત્રિના પાવનપર્વ નિમિત્તે સુરત મહાનગરપાલિકાના પદાધિકારીશ્રીઓ અને અધિકારીશ્રી તરફથી કરવામાં આવેલ મહાઆરતી

**નવરાત્રિના પાવનપર્વ નિમિત્તે સુરત મહાનગરપાલિકા ધ્વારા તા. ૨૩–૯–૦૬ થી તા. ૨–૧૦–૦૬ દરમ્યાન વૈવિધ્યસભર સાંસ્કૃતિક કાર્યક્રમોના ઉપક્રમે અઠવા પાર્ટી પ્લોટ ખાતે તા. ૨૩–૯–૦૬ના રોજ નવરાત્રિના પ્રથમ દિવસે સુરત મહાનગરપાલિકાના પદાધિકારીશ્રીઓ અને અધિકારીશ્રી તરફથી કરવામાં આવેલ મહાઆરતી.**



TOP

## પ્રાણી સંગ્રહાલય ખાતે ૨ જી ઓકટોબર થી ૮ મી ઓકટોબર દરમ્યાન ''વન્ય પ્રાણી સપ્તાહ''ની થનાર ઉજવણી

સુરત મહાનગરપાલિકા, નેચરપાર્ક/પ્રાણી સંગ્રહાલય ખાતે પ્રકૃતિનાં સંવર્ધન અને સંરક્ષણ માટે પ્રતિવર્ષની જેમ આ વર્ષે પણ જનજાગૃતિ માટે ૨ જી ઓકટોબર થી ૮ મી ઓકટોબર દરમ્યાન '' વન્ય પ્રાણી સપ્તાહ '' ની ઉજવણી કરનાર છે.

આ અઠવાડિયાને સફળ બનાવવા સુરત મહાનગરપાલિકાએ ધોરણ ૫ થી ૭માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને કલ્પનાઓને બદલે વન્ય જીવન વિશેની પ્રત્યક્ષ જાણકારી મેળવવા અને તેમનામાં શૈક્ષણિક જાગૃતિ લાવવા ઉપરાંત તેમની જીજ્ઞાસાવૃત્તિ કેળવવા માટે આમંત્રિત કરેલ છે.

આ સપ્તાહ દરમ્યાન ૧૨ વર્ષ કે તેથી નાની ઉંમરના બાળકોને પ્રાણી સંગ્રહાલયમાં વિનામૂલ્યે પ્રવેશ આપવામાં આવે છે. આ સપ્તાહ દરમ્યાન પ્રાણી સંગ્રહાલય ખાતે નીચે મુજબની વિવિધ પ્રવૃત્તિનું આયોજન કરવામાં આવે છે.

(૧) શૈક્ષણિક સંસ્થાઓમાંથી ગૃપમાં આવતાં મુલાકાતીઓને અનુભવી પ્રશિક્ષક ધ્વારા પ્રશિક્ષણ.
(૨) વન્ય જીવન આધારિત પ્રશ્નોત્તરી (ધોરણ ૮ થી ૧૦) તા. ૨ જી અને ૮ મી ઓકટોબર ૨૦૦૬ના દિને સવારે ૧૦.૦૦ થી ૧૨.૦૦.
(૩) સ્કૂલના બાળકો માટે ૮ મી ઓકટોબર ૨૦૦૬ના દિને બપોરે ૧.૦૦ થી ૩.૦૦ના સમયગાળા દરમ્યાન શીઘ્ર વકતૃત્વ સ્પર્ધા.
(૪) ધોરણ ૧ થી ૭ ના બાળકો માટે ૬ ઠ્ઠી ઓકટોબરના દિને બપોરે ૩.૦૦ થી ૫.૦૦ દરમ્યાન ચિત્રકળા સ્પર્ધા.
(૫) દરરોજના ધોરણે કુદરતમાં લુપ્ત થતી પ્રજાપતિનાં સંરક્ષણ માટે પ્રાણી સંગ્રહાલયના મહત્વ વિશે સંક્ષિપ્ત વ્યાખ્યાન.
(૬) નિવસન તંત્ર અને તેના પત્રકારો વિશેની પ્રાથમિક માહિતી આપતું વ્યાખ્યાન.
(૭) હિંસક તેમજ જંગલી પ્રાણીઓને બેભાન કરવાની રીત અને તે ઉપયોગી સાધનોનું પ્રદર્શન વિગેરેનું આયોજન.
(૮) જે કોઈ બાળકો બીજા, ત્રીજા અને ચોથા નંબર ઉપર જણાવેલ સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છુક હોય તો તેમણે તેઓના નામ ફોન નં. ૨૫૭૫૬૧૧, ૯૮૨૫૯ ૦૫૩૦૯, ૯૨૨૭૯ ૪૬૮૭૫ ઉપર અગાઉથી નોંધાવવાના રહેશે. જેની જાહેર જનતાએ નોંધ લેવી. જે પ્રાણી સંગ્રહાલયની કચેરીએ એક યાદીમાં જણાવ્યું છે.

TOP

## સ્વૈચ્છિક સંસ્થાઓને અનુદાન ચૂકવવા સંબંધે

આથી ખબર આપવામાં આવે છે કે સુરત મહાનગરપાલિકાએ સને ૨૦૦૬–૨૦૦૭ના વર્ષમાં તેના અંદાજપત્રમાં જુદી જુદી સ્વૈચ્છિક અને ધર્માદા સંસ્થાઓ જેવી કે પુસ્તકાલયો, વાંચનાલયો, વ્યાયામશાળાઓ, રમતગમતની સંસ્થાઓ, આયુર્વેદિક તથા હોમિયોપેથિક દવાખાના અને તેવી અન્ય પ્રવૃત્તિઓ ચલાવવા માટે અનુદાન આપવા જોગવાઈ કરી છે અને તે માટેના નીતિ–નિયમોને આધિન આપવાનું નક્કી થયેલ છે. સ્વૈચ્છિક સંસ્થાઓ કે જે કોઈપણ જાતના કોમી ભેદભાવ વગર પ્રવૃત્તિઓ ચલાવતી હોય અને જેઓને અનુદાનની જરૂર હોય તેવી સંસ્થાઓને **તા. ૩૦–૧૧–૨૦૦૬ સુધીમાં કમિશનરશ્રી, સુરત મહાનગરપાલિકાને સંબોધી અરજી કરવાની રહેશે.** જે સંસ્થાઓને ગત વર્ષ દરમ્યાન અનુદાન આપવામાં આવ્યું હોય તેઓએ તેના **" વપરાશ " બાબતનું પ્રમાણપત્ર** તથા સંસ્થાના છેલ્લા વર્ષના અહેવાલ અને ઓડીટ થયેલ હિસાબની સહી–સિક્કાવાળી નકલ અવશ્ય મોકલવાની રહેશે. જે સંસ્થાઓ પ્રથમવાર જ અનુદાન મેળવવા અરજી કરનાર હોય તેવી સંસ્થાઓને છેલ્લા ત્રણ વર્ષના વાર્ષિક અહેવાલ, ઓડીટ ધ્વારા પ્રમાણિત થયેલ હિસાબ તેમજ બંધારણની નકલ, સંસ્થા, ટ્રસ્ટ કે સોસાયટી હોય તો તે માટેના સત્તાધિશ તરફથી આપવામાં આવેલ નોંધણીના પ્રમાણપત્રની નકલ વગેરે **તા. ૩૦–૧૧–૦૬ના રોજ સાંજે ૬.૦૦ કલાક સુધીમાં** મોકલવી આવશ્યક છે. અધૂરી વિગતોવાળી તા. ૩૦–૧૧–૦૬ ના રોજ નિયત સમય બાદ મળેલ અરજી તેમજ જરૂરી માહિતી વિનાની અરજી ઉપર ધ્યાન આપવામાં આવશે નહિં જેની નોંધ લેવા વિનંતી.

TOP

## સુરત મહાનગરપાલિકા ધ્વારા આયોજિત ફૂડ ફેસ્ટીવલમાં યોજાયેલી રાસ–ગરબા સ્પર્ધા

નવરાત્રીના પર્વ નિમિત્તે સુરત મહાનગરપાલિકા ધ્વારા સુરતની સ્વાદપ્રિય જનતાને એક જ સ્થળે વિવિધ વાનગીઓના રસાસ્વાદ કરાવતા ફુડ ફેસ્ટીવલનું આયોજન કૃષ્ણકુંજ પાર્ટી પ્લોટ, ઉમરા પોલીસ સ્ટેશનની બાજુમાં, અઠવાલાઈન્સ, સુરત ખાતે કરવામાં આવ્યું છે. જેમાં પ્રથમ દિવસે શ્રી જૈમીન કનનો ડાન્સનો કાર્યક્રમ, બીજા દિવસે વરૂડી યૂવક મંડળનો ગરબાનો કાર્યક્રમ "રંગ તાળી " રજુ થયો હતો. તા.૨૫.૯.૦૬ના રોજ શ્રી ઘનશ્યામભાઈ લાખાણીનો "હાષ્ય ગોષ્ઠિ" નો કાર્યક્રમ તથા તા.૨૬.૯.૦૬ના રોજ ગરબા તથા રાસ સ્પર્ધાના કાર્યક્રમો યોજાયા હતા. તા.૨૭ તથા તા.૨૮ સપ્ટેમ્બરના રોજ દોઢિયા સ્પર્ધા તા.૨૯.૯.૦૬ના રોજ નૃત્યમ નર્તન અકાદમીનો ડાન્સ કાર્યક્રમ, તા.૩૦.૯.૦૬ના રોજ અંધજન ઓરકેસ્ટ્રા, તા.૧.૧૦.૦૬ના રોજ શેરી ગરબા સ્પર્ધા તથા તા.૨.૧૦.૦૬ના રોજ કલાસાગર સંસ્થાના શાસ્ત્રીય નૃત્યના વિવિધ કાર્યક્રમો રજુ થશે. તા.૨૬.૯.૦૬ના રોજ યોજાઈ ગયેલ ગરબા સ્પર્ધા તથા રાસ સ્પર્ધાનું પરિણામ નીચે મુજબ છે. વિજેતાઓને સાંસ્કૃતિક સમિતિના ચેરમેન શ્રી અસ્મિતાબેન શિરોયા તથા ઉપાધ્યક્ષા શ્રી છાયાબેન ભૂવાના હસ્તે ઈનામો એનાયત કરાયા હતા.

### ગરબા સ્પર્ધા

| વિજેતાનો ક્રમ | વિજેતા થનાર સંસ્થાનું નામ |
|---|---|
| પ્રથમ વિજેતા | પી.પી.સવાણી વિદ્યાલય |
| દ્વિતિય વિજેતા | ધી પંચશીલકો.ઓ.બેંક લિ.માધ્યમિક શાળા |
| તૃતિય વિજેતા | આઈ.જી.દેસાઈ માધ્યમિક શાળા |
| આશ્વાસન વિજેતા | સુમન હાઈસ્કુલ નં.૯ |

### રાસ સ્પર્ધા

| | |
|---|---|
| પ્રથમ વિજેતા | શ્રી કૃષ્ણ કલા રાસ મંડળ |
| દ્વિતિય વિજેતા | આઈ.જી.દેસાઈ વિદ્યાલય |









TOP